

આંદોલનનું ફળ મળ્યું : બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કરવાની જાહેરાતના પગલે છેલ્લા કેટલાય દિવસથી ગાંધીનગરના ઘ-૪ વિસ્તારમાં આંદોલન કરી રહેલા પરીક્ષાર્થીઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. સોમવારની સાંજે ૭ વાગ્યાના સુમારે સરકારની જાહેરાતના પગલે ઘ-૪ પાસેના આંદોલન સ્થળે કેટલાક પરીક્ષાર્થીઓ સતત ધરણા કરતાં હતાં. આંદોલનકારીઓમાં બે ભાગ પડી જતાં બચેલા આંદોલનકારીઓએ આંદોલન ચલાવ્યું હતું અને આજે આખરે પરીક્ષા રદ થતાં આતશબાજી કરી ઉત્સાહ મનાવ્યો હતો.

# પાંચ વર્ષના અંતે પણ ગુડાના ૧૦૦ એલ.આઈ.જી. આવાસો હજુ બિન ઉપયોગી

**પ્રથમ તબક્કામાં ગુડાએ નિર્માણ કરેલા એલ.આઇ.જી. આવાસો પૈકી અંદાજિત ૧૦૦ આવાસો હજુ પણ કબજા વિહોણાં : લાભાર્થીઓએ આવાસનો કબજો મેળવવા રસ લીધો નથી**

ગાંધીનગર તા ૧૬

ગુડા દ્વારા નિર્માણ કરાયેલી આવાસ યોજના અન્વયે પાંચ વર્ષના સમયગાળા બાદ પણ હજુ કેટલાક લાભાર્થીઓએ આવાસોનો કબજો મેળવ્યો નથી અંદાજિત ૧૦૦ જેટલા આવાસો બિન ઉપયોગી હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં ગુડા દ્વારા પણ આ પ્રકારના આવાસો મામલે કોઈ નીતિ નક્કી થતી નથી. જયારે ગુડાના આવાસ યોજનાની જાળવણીનુ કામ પણ રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ રાયસણ, અડાલજ તેમજ ચિલોડામાં પ્રથમ તબક્કામાં એલ આઈ જી આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે આ આવાસ યોજના અન્વયે અંદાજિત ૧૧૪૦ જેટલા આવાસો તૈયાર કરાયા હતા. ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે તૈયાર કરાયેલા આ આવસોમાં હાલ પરિવારજનોનો વસવાટ છે. ગુડા દ્વારા ગાંધીનગર નજીકના પોશ વિસ્તારમાં આ આવાસ યોજના તૈયાર કરવા માટે સાઇટની પસંદગી કરવામાં આવી હતી. આવાસ યોજના અન્વયે સરકાર દ્વારા સહાય પણ આપવામાં આવી હતી જો કે હજુ કેટલાક બેન્ક લોનના કિસ્સામાં સહાય ન ચુકવાઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હાલ ગુડા વિસ્તારમાં સ્થિત આ આવાસોમાં નાગરિકોનો વસવાટ છે. ત્યારે રોજબરોજ આવાસ યોજનાને અનુલક્ષી નવી ફરિયાદો ઉઠતી રહે છે. આવસોની જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે થતુ નથી. ગુડા દ્વારા પણ આ મામલે યોગ્ય ધ્યાન આપવામાં ન આવતુ હોવાનો સ્થાનિકો રોષ ઠાલવી રહ્યા છે.

બીજીતરફ હજુ પણ આ પૈકી ૧૦૦ જેટલા આવાસો લાભાર્થીઓએ કબજો મેળવ્યો નથી. નવા આવાસો તૈયાર થઈ ગયા બાદ પાંચ વર્ષ જેટલા લાંબા સમયગાળાના અંતે પણ આ આવાસો બિન ઉપયોગી જોવા મળી રહ્યા છે. બીજીતરફ ગુડા દ્વારા હજુ પણ એલ આઈ જી આવાસો નવા બાંધવા માટે આયોજન થઈ રહ્યુ છે. ત્યારે જુની આવાસ યોજના અન્વયે લાભાર્થીઓએ કબજો ન લીધો હોય તેવા આવાસો મામલે પણ યોગ્ય નિર્ણય કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# મહેસુલી કર્મચારીઓની હડતાલ સમેટાઇ

ગાંધીનગર, તા. ૧૬

મહેસુલ કર્મચારી મહામંડળ અને રાજ્યના મહેસુલ વિભાગ વચ્ચે તેમના પડતર પ્રશ્નો અંગે સુખદ સમાધાન થતાં હડતાલ સમેટી લેવાની જાહેરાત મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ આજે કરી છે.

ત્રણેક જિલ્લાઓએ સમાધાન સાથે અસંમતિ દર્શાવવાની વાતને તેમણે નકારી કાઢી હતી અને જણાવ્યુ હતુ કે કેટલાક અહિત ધરાવતા તત્વો દ્વારા આવી વાતો વહેતી કરાઈ છે. મહામંડળે સર્વાનુમતે હડતાલ પાછી ખેંચવાનો નિર્ણય કર્યો છે.

દેસાઈએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમારા ૧૮ પ્રશ્નોનો સરકારે સ્વીકાર કર્યો છે અને તેના અમલ માટે બે માસની મુદત માંગવામાં આવી છે. સરકાર સાથે સંપૂર્ણ રીતે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સકારાત્મક અભિગમ સાથે મંત્રણાઓ થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

૯મી ડિસેમ્બરથી મહેસુલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ગયા હતા. ૧૨મી

● અનુસંધાન પાના - ૭ પર

# આજથી આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર

**ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આંદોલનને જલદ બનાવવાના ભાગરૂપે ૧૭મીથી અચક્કસ મુદ્દતની હડતાલ પર જવાનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ આજથી તેમનુ આંદોલન જલદ બનાવવાનો નિર્ણય કર્યો છે અને ૧૭-૧૨-૧૯થી અચોક્કસ મુદતની હડતાલ પર જશે.

મહાસંઘની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ૨૭-૧૧-૧૯થી આંદોલન અંગેના આદેશ અપાયા હતા પરંતુ આરોગ્ય કમિશનરશ્રીની કચેરી દ્વારા કોઈ જ પ્રકારનો સકારાત્મક પ્રતિભાવ ન મળતાં આંદોલન અભી નહિ તો કભી નહિની થીમ સાથે ૧૭-૧૨-૧૯થી અચોક્કસ મુદતની હડતાલ પર જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નો રિપોર્ટીંગ આંદોલન કરવામાં આવ્યુ હતુ પરંતુ સરકારે પણ તેની નોંધ ના લેતાં હવે આંદોલન જલદ બનાવવાની ફરજ પડી હોવાનું પણ અખબારી યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં જણાવ્યા મુજબ અચોક્કસ મુદતની હડતાલ દરમ્યાન રાજયકક્ષાએ રેલી સામુહિક ધરણા કરવામાં આવશે. રેલીનુ સ્થળ અને તારીખ પાછળથી જાહેર કરવામાં આવશે.

આ યાદીમાં જણાવાયા મુજબ એક દિવસ દિલ્હીના જંતરમંતર પર ધરણા યોજવામાં આવશે અને જરૂર પડ્યે આશ્ચર્યજનક કાર્યક્રમો પણ આપવામાં આવશે.

અમારા પ્રશ્નો અંગે અમો વારંવાર રજુઆત કરી ચુક્યા છીએ. અગાઉ અમોને ખાત્રી અપાયા પછી પણ પ્રશ્નો જ્યાના ત્યાં છે એટલે અમારી આ લડતને જલદ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આરોગ્ય કર્મયોગીઓની હડતાલ પર જવાના નિર્ણયથી આરોગ્ય સેવાઓને વિપરીત અસરો થશે તેની સીધી જવાબદારી સરકારની રહેશે તેમ કર્મચારી મહાસંઘના આગેવાનોએ જણાવ્યુ છે.

# શહેરમાં ઠંડી વધવાનો સીલસીલો યથાવત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં આજે સોમવારે પણ તાપમાનનો પારો સતત નીચો ઉતર્યો હતો અને ૧૧.૮ ડિગ્રી સે. લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ. સતત કોલ્ડવેવની સ્થિતિમાં શહેરીજનો ઠંડીનો અનુભવ કરી રહ્યાં છે. જેના કારણે સાંજ પડતા જ શહેરના અનેક વિસ્તારોમાં સુનકાર વ્યાપી જવા પામે છે.

રાજયભરમાં ઠંડીનો પારો ગગડી રહ્યો છે અને નાગરિકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યાં છે તેમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ પાટનગરવાસીઓને જ થવા પામી રહ્યો છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી સે.ની સામે લઘુત્તમ તાપમાનનો આંકડો વધુ ગગડીને ૧૧.૮ ડિગ્રી સે. એ અટક્યો હતો. શહેરમાં સવારે ભેજનું પ્રમાણ ૬૩ ટકા નોંધાયુ હતુ ને સાંજ સુધીમાં ૫૨ ટકા જેટલુ રહેવા પામ્યું હતું. આ સાથે ઠંડા પવનના સુસવાટાને કારણે શહેરીજનો આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યાં છે અને રાત્રે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. સાંજના સમયથી કેટલાક ઠેકાણે શહેરના નાગરિકો તાપણા કરી ઠંડીનો સામનો કરવા પણ જોવા મળે છે. ઠંડીના કારણે શહેરના ટ્રાફિકમાં પણ ચહલપહલ ઓછી થઈ હોવાનું અનુભવાઈ રહ્યું છે અને સમગ્ર દિવસ દરમ્યાન સ્વેટર-જાકીટ-ટોપી વગેરે જેવા ગરમ વસ્ત્રોના સહારે રહેતા નાગરિકોને રાત્રિના સમયે વધુ ઉપાયો હાથ ધરવાની જરૂરિયાત વર્તાય છે.

# વન તંત્રએ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા વાવેતરનો સર્વે હાથ ધર્યો

**શહેર તેમજ આસપાસના ગામોમાં વાવેતરના અંતે હાલ જીવંત રોપાઓની જાણકારી માટે ખાસ સર્વે હાથ ધરાયો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગામોમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વનતંત્ર દ્વારા કરવામાં આવેલા વાવેતર સંદર્ભે સર્વે હાથ ધરાયો છે. આ વાવેતરના અંતે હાલની સ્થિતિએ કેટલા રોપાઓનો ઉછેર થઈ શક્યો છે તેમજ નવા રોપાઓની વાવણીના અંતે કેટલા રોપાઓ જીવંત છે તે અંગે પણ તંત્રએ સર્વે હાથ ધર્યો છે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના ૨૨ ગામોના વિસ્તારમાં સમાવિષ્ટ ૨૨ જેટલા ગામોમાં વનતંત્ર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલા નવા રોપાઓની વાવણી સંદર્ભે હાલની સ્થિતિએ કેટલા જીવંત છે તે અંગે સર્વે હાથ ધરાયો છે. વનતંત્ર દ્વારા દર વર્ષે વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ ૧૪ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવતા હાલ આ વિસ્તારમાં રંગબેરંગી ફુલો પણ નિખરી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર શહેર તેમજ જિલ્લાને વધુ હરિયાળુ બનાવવા માટે નતનવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી રહી છે. વિકાસના અનેકવિધ કામો સાથે હરિયાળા વૃક્ષોનો સોથ વળી રહ્યો છે. માર્ગ વાઈડનીંગ સહીત નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવતા એક જમાનામાં ગ્રીન સીટીની દ્રષ્ટીએ આગળી હરોળમાં આવતા નગરનુ નામ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. વનતંત્ર દ્વારા વન મહોત્સવની ઉજવણી અન્વયે પણ રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ ઉપરાંત રોપાઓનુ વિતરણ પણ કરવામાં આવે છે. જયારે પ્રતિ વર્ષ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર દ્વારા એડવાન્સમાં તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણીના અંતે તેની હરિયાળી જળવાઈ રહે તે

● અનુસંધાન પાના - ૭ પર

# માણસા તાલુકાના ડોડીયાળના સરપંચને હોદ્દા પરથી દૂર કરાયા તો તલાટી સસ્પેન્ડ કરાયા

**નાણાંકીય અને વહીવટીય અનિયમિતતાઓ માટે જવાબદાર પુરવાર થતાં ડીડીઓએ નિર્ણય કર્યો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ડોડીયાળ ગામના સરપંચ અને તલાટીને નાણાંકીય અનિયમિતતાના કારણોસર તલાટીને સસ્પેન્ડ કરવાનો તેમજ સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે કર્યો છે.

સરપંચ અને તલાટીને તેમના હુકમની નકલની બજવણી કરી દેવામાં આવી હોવાનુ પણ જાણવા મળેલ છે. જિલ્લા વિકાસ અધિકારીના આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે પંચાયત વર્તુળમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

તાજેતરમાં દિપાવલી પછી સરપંચ અને તલાટીઓની સંયુક્ત સ્નેહમિલન બેઠક દરમ્યાન જ જિલ્લા વિકાસ અધિકારીએ નાણાંકીય અનિયમિતતાઓ સાંખી લેવામાં આવશે નહિ તેવો સ્પષ્ટ સંકેત આપ્યો હતો.

ડોડીયાળના તત્કાલીન તલાટી કમ મંત્રી એમ.એસ. પટેલની બદલી કરી દહેગામના સાણોદા ખાતે મુકવામાં આવ્યા હતા. ડોડીયાળના તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયતની ફરજો દરમ્યાન ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ કોઈપણ સક્ષમ અધિકારીની મંજૂરી વિના અનઅધિકૃત રીતે સરપંચના હવાલે મુકવી, સ્વભંડોળની રકમનો અનિયમિત ઉપયોગ તથા રોજમેળ ના નિભાવવા, એક ગ્રામ્ટમાંથી કામ મંજૂર થયેલ હોવા છતાં અન્ય ગ્રાન્ટમાંથી પૈસા ઉપાડી લેવા તથા અન્ય નાણાંકીય તથા વહીવટીય અનિયમિતતા જેવી ગંભીર ક્ષતિઓ અંગેના અહેવાલને પગલે તેમને ફરજ મોકુફી હેઠળ મુકવાનો પંચાયત અધિનિયમ-૧૯૯૭ની જોગવાઈઓને આધિન રહી નિર્ણય કરવામાં આવ્યો છે.

પટેલને તેમના સસ્પેન્શન પિરિયડ માટેનુ હેડક્વાર્ટર કલોલ રાખવામાં આવ્યુ છે અને તેમણે શરતોનુ પાલન પણ કરવાનુ રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીએ કરેલા બીજા હુકમમાં પંચાયત ધારા ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ સરપંચ ડોડીયાળ તરીકે ગુલાબસિંહ રાઠોડને પણ હોદ્દા પરથી દૂર કર્યા છે. તેમણે તેમના હુકમમાં જણાવ્યુ છે કે પ્રાથમિક અહેવાલ જે તાલુકા વિકાસ અધિકારીએ આપેલ છે તેમાં ગંભીર પ્રકારની નાણાંકીય અને વહીવટીય અનિયમિતતા તથા ક્ષતિઓ સ્પષ્ટ થાય છે જે પારદર્શક, પ્રમાણિક વહીવટના સિદ્ધાંતની વિરૂદ્ધ હોઈ તાત્કાલિક અસરથી તમને દૂર કરવા યોગ્ય જણાયેલ છે.

જિલ્લામાં પંચાયતી રાજમાં ઘણા લાંબા સમય બાદ સરપંચને હોદ્દા પરથી દૂર કરવા અને તલાટીને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય આજે પંચાયતમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

# આરસેલર મિતલ નિપોન સ્ટીલ ઈન્ડીયા ગુજરાતમાં મોટો પ્રોજેક્ટ સ્થાપશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મૂલાકાત વિશ્વખ્યાત સ્ટીલ ઉત્પાદક કંપની આરસેલર મિતલ નિપોન સ્ટીલ ઈન્ડીયા લી.ના ચેરમેન અને સી.ઇ.ઓ. લક્ષ્મી મિતલે ગાંધીનગરમાં લીધી હતી.

લક્ષ્મી મતિલની આ કંપની સુરતના હજીરામાં ૪૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે એસ્સાર સ્ટીલનો પ્લાન્ટ હસ્તગત કરી પોતાનું ઉત્પાદન શરૂ કરવાની છે.

મુખ્યમંત્રી સાથેની મૂલાકાત બેઠકમાં લક્ષ્મી મિતલે ગુજરાતમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસની સરળ અને સુવિધાયુકત નીતિઓ તથા ઈન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટથી તેઓ પ્રભાવિત થઈ રાજ્યમાં પ્રથમ આવા મોટા પ્રોજેકટમાં રોકાણ કરી રહ્યા છે તેમ જણાવ્યું હતું.

તેમણે ગુજરાત સરકારનો સહયોગ મળતો રહે તો ભવિષ્યમાં અન્ય મોટા પ્રોજેકટસ પણ ગુજરાતમાં શરૂ કરવા ઉત્સુકતા વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીએ પણ રાજય સરકાર તરફથી આરસેલર મિતલ



નિપોન સ્ટીલ ઈન્ડીયા લી.ને જરૂરી સહકારની ખાતરી આપી હતી.


અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, સ્ટીલ ઉત્પાદનમાં વિશ્વસ્તરે અવ્વલસ્થાન ધરાવતી આ કંપની જાપાનની નિપોન સ્ટીલ સાથે ગુજરાતમાં અદ્યતન ટેકનોલોજીયુકત ઉત્પાદન કરશે.

ખાસ કરીને એન્ટી કોલીઝન એટલે કે મોટરકારમાં અકસ્માત સમયે સ્ટીલ-બોડીને થતું નૂકશાન અટકાવી શકાય તેવા સક્ષમ સ્ટીલનું ઉત્પાદન ગુજરાતમાં આ અદ્યતન ટેકનોલોજીયુકત પ્લાન્ટ તેઓ કરવાના છે.

ગુજરાતમાં હજીરા ખાતેનો આ પ્લાન્ટ કાર્યરત થવાથી હાલ વિદેશથી આયાત કરવા પડતા સ્ટીલ સામે સક્ષમ વિકલ્પ ભારતમાં જ ઉપલબ્ધ થતાં પ્રધાનમંત્રીની ''મેઈક ઈન ઈન્ડીયા''ને વધુ વેગ મળશે.

# સમદર્શન આશ્રમમાં આજે કથા બાદ સાંઈરામ દવેનો હાસ્ય દરબાર

સમદર્શન આશ્રમ, સેક્ટર-૧, ગાંધીનગર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખેથી યોજાઈ રહેલી આ કથા અંતર્ગત આવતીકાલે, તા. ૧૭મી ડિસેમ્બરને મંગળવારે રાત્રે ૮.૩૦ વાગ્યે ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવેનો હાસ્ય દરબાર યોજાશે.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા શ્રવણનો લાભ લેવા નાગરિકોને સમદર્શન આશ્રમ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com